# ઉતરાયણ પર્વમાં રેલવેના ઓવરહેડ હાઈ-વોલ્ટેજ વાયરોથી અંતર જાળવવા રેલ્વે તંત્રની અપીલ

રાજકોટ,
આગામી તહેવારો અને પતંગબાજીના ઉત્સાહને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા જનતાની સુરક્ષા માટે એક વિશેષ અપીલ જારી કરવામાં આવી છે. રેલ પ્રશાસને નાગરિકોને સાવધ કર્યા છે કે રાજકોટ ડિવિઝનના તમામ રેલવે સેક્શનમાં ટ્રેનોના સંચાલન માટે ૨૫,૦૦૦ વોલ્ટિની હાઈ-વોલ્ટેજ ઓવરહેડ ઈલેક્ટ્રિક લાઈનો કાર્યરત છે, જે અત્યાંત સંવેદનશીલ અને જોખમી છે.

અવારનવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ વાયરોમાં ફસાઈ જાય છે. કેટલાક દોરા (માંજા) માં ધાતુના અંશ અથવા ભેજ હોવાને કારણે, તેમાંથી વીજળીનો કરંટ નીચે સુધી આવી શકે છે. આ પરિસ્થિતિ માત્ર પતંગ ઉડાવનારાઓ માટે જ નહીં, પરંતુ રેલવે ટ્રેક નજીકથી પસાર થતા લોકો માટે પણ જીવલેણ સાબિત થઈ શકે છે. રાજકોટ ડિવિઝન દ્વારા જારી કરાયેલ મુખ્યં સૂચનાઓ અને અપીલ (૧) ટ્રેકથી અંતરઃ સુરક્ષા અને કાયદાને ધ્યાનમાં રાખીને રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો. (૨) વાયરોને ન અડકવુંઃ જો કોઈ પતંગ કે દોરી હાઈ-વોલ્ટેજ વાયરોમાં ફસાઈ જાય, તો તેને કાઢવા માટે કોઈ સળિયો, લાકડી કે અન્ય સાધનનો ઉપયોગ કયારેય કરશો નહીં.(૩) બાળકોની સુરક્ષાઃ વાલીઓએ ખાસ ધ્યાન આપવું કે પતંગ પકડવાની લાલચમાં બાળકો રેલવે ટ્રેક તરફ ન દોડે.(૪) રેલવે કર્મચારીઓની સુરક્ષાઃ ટ્રેક પર કામ કરતા રેલવે કર્મચારીઓ માટે આ ફસાયેલા દોરા સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર ખતરો પેદા કરે છે.

રેલ પ્રશાસન આશા રાખે છે કે જનતા સંપૂર્ણ સહયોગ આપીને રેલવે પરિસરમાં સુરક્ષિત વાતાવરણ જાળવવામાં મદદરૂપ થશે. તમારી સતર્કતા માત્ર તમારી સુરક્ષા જ નહીં, પરંતુ અન્યનો જીવ પણ બચાવી શકે છે

# રાજકોટના મેટોડામાં જાથા દ્વારા રાજયકક્ષાનો ઉલ્કા વર્ષા નિદર્શન કાર્યક્રમ યોજાયો

રાજકોટ,
વર્ષ ૨૦૨૬ ના સ્વાગતમાં દુનિયાભરનાં ખગોળપ્રેમીઓ અવકાશમાં ક્વોડિરેન્ટીડસ ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો નિહાળી ઝૂમી ઉઠવા હતાં. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ ઉલ્કા વર્ષા અને એ પછીના દિવસોમાં કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. જાથાનું રાજય કલાનું આયોજન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામે તથા વિજ્ઞાન જાથાની શાખાઓ દ્વારા જાહેર જગ્યાએ યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પ્તિત, સૂર્ય તેની પરિક્રમા કરતાં ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, સનીષભાઈ વસોયા, પ્રોગ્રામ ઓફિસર ડો. પી. એમ. સખીયા અને પ્રિન્સીપાલ પ્રો. એમ. એલ. બાલધાએ હાજરી આપી હતી. રાજયભરમાં જાયાએ જિલ્લા, તાલુકા મથકે અને જાયાની શાખાઓમાં ઉલ્કા નજારાના કાર્યક્રમો આપ્યા હતા. નિદર્શનમાં રાજય ચેરમેન જયંત પંડયા છાત્રાઓ ચાર્મી વોરા, ઉવિંશા દોંગા, પ્રવૃત્તિ કુનડીયા, મિત્તલ મદાણી, રીયા સુતરીયા, નિધિ પદમાણી, જાથાના ભાનુબેન ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ હાજર હતા.

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં તમામ વાહનોમાં વિનામૂલ્યેન રેડીયમ પટ્ટીઓ લગાવાઈ






અમરેલી
રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ-૨૦૨૬ અંતર્ગત રોડ સેફટી કમિશ્નર તેમજ કલેકટર અમરેલીના માર્ગદર્શન હેઠળ એઆરટીઓ અમરેલી, જિલ્લા ટ્રાફિક અમરેલી તથા ૧૦૮ ટીમ, દ્વારા અમરેલી માર્કેટયાર્ડમાં રોડ સેફટી અંતર્ગત માર્ગદર્શન સેમિનાર તથા યાર્ડમાં આવેલ તમામ વાહનોમાં વિનામુલ્યેડ રેડીયમ પટ્ટીઓ લગાવવામા આવી હતી.

અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ ખેતિવાડી ઉત્પપન્ન બજાર સમિતિના મુખ્ય યાર્ડમાં સતત ચોથા વર્ષે રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ અંતર્ગત આ સંસ્થાલમાં રોડ સેફટી અવરનેસ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અમરેલી જિલ્લા આર.ટી.ઓ. ઓફીસર તથા તેમની ટીમ દ્વારા ખેડુતભાઈઓને તથા વાહનધારકોને વાહન અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે ખૂબ જ સરસ માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું.

યાર્ડમાં આવેલ તમામ વાહનોમાં વિનામુલ્યે રેડીયમ પટ્ટીઓ લગાવી આપેલ હતી તથા વાહન ચલાવતી વખતે સીટબેલ્ટથ બાંધવા, હેલ્મેરટ પહેરવા મોબાઈલનો ઉપયોગ નકરવા, રોંગ સાઈડ ડ્રાઈવીંગ તથા ઓવર સ્પી ડીંગ ન કરવા તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપપણે પાલન કરી સહયોગ આપવા તેમજ આ સંદેશો આપના પરિવારને પણ પહોંચાડવા અનુરોધ કરેલ તથા રેડીયમ રીફલેકટર પટ્ટીઓ ફરજિયાતપણે ટ્રેકટર ટ્રોલી, સનેડા, છકડામાં લગાવવા સુચના આપેલ હતી. વાહન અકસ્માટસ્તય થયેથી એક કલાક સુવર્ણ કલાક (ગોલ્ડરન અવર) કહેવાય સમયમાં મદદ મળ્યે થી જીંદગી બચી શકે છે.

જેથી તરતજ ૧૦૮ને ફોન કરવો અને આવા વ્યયકિતને ગુડ સમરીટન કહેવાય છે અને રાહવીર યોજના હેઠળ કલેકટરના હસ્તે રૂ. ૨૫ હજારના રોકડ ઈનામથી પ્રોત્સા હન અપાય છે. જેથી અકસ્માાત થયેથી મદદ કરી માનવતા દાખવી અને જીંદગી બચાવી શકાય છે જે અંગે જાણકારી આપી હતી.

આ સેમિનારમાં ૧૦૮ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર ટ્રેઈનીંગ (સીપીઆર) ડેમોસ્ટ્રે શન સાથે ખૂબજ સરસ રીતે આપવામાં આવેલ. જેમાં મુખ્યગત્વે શ્વાિસોશ્વાસ શરૂ રહે તેમજ બ્લીમડીંગ અટકે તે માટે ડેમોસ્ટ્રેકશન સાથે પ્રાથમિક માહિતિ આપેલ હતી.

આ સેમિનારમાં યાર્ડમાં આવેલ બહોળી સંખ્યાશમાં ખેડુતોભાઈઓ, વેપારીભાઈઓ તથા વાહન ધારકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવી રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ આપેલ હતો. તેમ બજાર સમિતિના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબારયાદીમાં જણાવેલ છે.

# રાજકોટ મનપાની તીજોરી તળીયા ઝાટક ૨૦૦ કરોડની લોન લેવા તંત્ર દ્વારા તૈયારી

રાજકોટ,
રાજકોટ મનપાની તિજોરી તળીયા ઝાટક થતા પ્લોટનું વેચાણ તેમજ બોન્ડ થકી અને અલગ અલગ સરકારી ગ્રાંટો ઉપર આધાર રાખવો પડી રહ્યો છે જેમાં આ વર્ષે પણ ડોર ટુ ડોર ગાર્બેટ કલેકશન અને ફાયરના સેટઅપમાં ખર્ચ વધતા મહેકમ ખર્ચમાં તોતીંગ વધારો થતાં ૨૦૦ કરોડની લોન લેવા માટે તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ભારત સરકારની અમળત ૨.૦ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકાનાં રૂા.૧૨૭૪.૫૫ કરોડના કામી મંજુર કરવામાં આવેલ, જેમાં રાજયન સરકાર દ્વારા રૂા.૪૨૨.૭૫ કરોડ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૨૬૪.૨૨ કરોડ એમ અમળત ૨.૦ યોજના હેઠળ કુલ ૬૮૬.૯૭ કરોડની ગ્રાન્ટ તથા સ્વર્ણિમ યોજના હેઠળ ૧૦૫.૨૫ કરોડની ગ્રાન્ટ્ મળશે. જે મુજબ મહાનગરપાલિકાનાં ફાળા પેટે કુલ રૂા.૪૮૨.૩૩ કરોડની જરૂરીયાત રહેશે. જે પૈકી રૂા.૧૦૦ કરોડનાં નાણા મ્યુનિસીપલ બોન્ડં મારફત એકત્રા કરવામાં આવેલ અને વધારાના રૂા.૩૮૨.૩૩ કરોડ મ્યુનિસીપલ ફંડમાંથી ચુક્વવાનાં રહે છે.ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનનાં ખર્ચમાં વધારો થયેલ છે તથા ફાયર બ્રિગેડનાં સેટઅપમાં વધારો થતા તેના મહેકમ ખર્ચમાં વધારો થયેલ છે. ઉપરોક્ત બાબતો ધ્યાપને લેતા મહાનગરપાલિકાને આવનાર સમયમાં રૂા.૨૦૦ કરોડ જેટલી વધારાનાં નાણાની જરૂરીયાત રહશે, જે વેરા આવક દ્વારા ઉપલબ્ધ થઈ શકે એમ ન હોય, આ અર્થે મહાનગરપાલિકાને લોન લેવાની જરૂરીયાત જણાય છે.

જે માટે જરૂરી સત્તા સોંપણી કરવાની રહે છેઃ રૂા.૨૦૦ કરોડ સુધીની આ નાણાકીય જરૂરીયાત અર્થે રાષ્ટ્રી યકળત બેંકો, ખાનગી બેંકો, અર્બન શેડયુલ્ડ કો-ઓપરેટીવ બેંકો અથવા રાજય સરકાર પાસેથી શ્રીનિધી યોજના હેઠળ લોન કે રાજય સરકારની સંસ્થાશન -પાસેથી કે સ્પે ફંડ બચત ઉપાડ (વ્યાજે માંથી કોઈ પણ પ્રકારની સિકયોરિટી વગર લોન અથવા ઓવર ડ્રાફટ, લાઈન ઓફ ક્રેડીટ કે અન્ય ફેસીલીટીથી નાણા લેવા અર્થે તથા ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૧૦૯, ૧૧૦, ૧૧૦, ૧૧૧ હેઠળ કોર્પોરેશનને નાણા ઉછીના લેવાની સત્તા હોય, કમિશનર દ્વારા ઉપરોકત વિગતો મુજબ રૂા. ૨૦૦ કરોડ સુધીની લોન અથવા ઓવર ડ્રાફટ, લાઈન ઓફ ક્રેડીટ કે અન્યર ફેસીલીટીથી નાણા લેવા માટે તમામ પ્રકિયા કરવા અને નિર્ણય લેવા માટે તથા દસ્તાોવેજ કરવા સતા મ્યુનિસિપીલ કમિશનરશ્રીને આપવા. ઉપરોક્ત બાબતોએ રૂા.૨૦૦ કરોડ સુધીની લોન અથવા ઓવર ડ્રાફટ, લાઈન ઓફ ક્રેડીટ કે અન્ય ફેસીલીટીથી નાણા લેવા માટે તમામ પ્રક્રિયા કરવા અને નિર્ણય લેવા માટે તથા દસ્તાવેજ કરવા મ્યુનિસિપીલ કમિશનરને સત્તાસોંપણી કરવામાં આવી છે.

# રાજકોટના બજરંગવાડી આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીયકક્ષાનું પ્રમાણપત્ર એનાયત

રાજકોટ
બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પ્રમાણપત્ર આપવામાં આવ્યું ભારત સરકાર દ્વારા રાજકોટ શહેર ના બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્યદ કેન્દ્ર્ને નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓ માટે ૮૮.૭૨ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાના પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

આ સિદ્ધિ રાજકોટ શહેરની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને કાર્યક્ષમતાના ઉન્નત સ્તર ને પ્રદર્શીત કરે છે. રાજકોટ શહેર ના વોર્ડ નંબર - ૨ ના બજરંગવાડી યુપીએચસી ખાતે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્તુ કરવામાં આવેલી ટીમ દ્વારા આપવામાં આવતી સેવાઓનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતુ.જેમા પ્રાથમિક આરોગ્ય ચકાસણી ગર્ભવતી મહિલાઓ માટે સક્રિય દેખરેખ અને સલાહ જેવી માતૃત્વર સબંધિત સેવાઓ, બાળકોના સંપૂર્ણ વિકાસ માટે જરૂરી આરોગ્ય સેવાઓ, ચેપી અને બિનચેપી રોગોનું નિદાન અને સારવાર, ઈમરજન્સી આરોગ્ય સેવાઓ, શાળાના બાળકો માટે આરોગ્ય ચેક અપ અને સારવાર વગેરે માટે નિયમિત ગુણવત્તા ચકાસણી , દર્દી કેન્દ્રીઓ સેવાઓની ઉપલબ્ધ તાઓ, સ્ટાફ ની કામગીરી અને આ બાબતે જાણકારી સહિત જરૂરી તમમાં માપદંડો ની ચકાસણી કરવામાં આવી હતી.આ ચકાસણી અનુસંધાને બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાના પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ આરોગ્ય અધિકારી ડો.જયેશ વાકાણી, નાયબ આરોગ્ય અધિકારી ડો.હાર્દિક મેતાના માર્ગદર્શન તથા મેડિકલ ઓફિસર ડો.વિકાસ ચાવડા અને બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્યપ કેન્દ્રના તમામ કર્મચારીઓ ની મહેનતનું પરિણામ છે

ભવિષ્યમાં અન્ય વધું શહેરી પ્રાથમિક આરોગ્યે કેન્દ્રોને નેશનલ લેવલે પ્રમાણપત્ર મળે તે માટે કાર્યવાહી ચાલુ છે.

# સાગરખેડૂ સાયકલ રેલી ૨૦૨૫-૨૬માં ભાગ લેવા માટે તા. ૨૦ જાન્યુઆરી સુધીમાં અરજી કરવી

અમરેલી
કમિશ્નર શ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના ઉપક્રમે ગુજરાત રાજયના ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે સાગરખેડૂ સાયકલ રેલીનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

દર વર્ષે આ રેલી યોજાઈ છે. આ વર્ષે ૭ દિવસ માટે સાગરખેડૂ સાયકલ રેલી યોજાશે.

આ રેલીમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતીઓ કે જેમની ઉંમર ૩૧.૧૨.૨૦૨૫ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની હોય તેઓ ભાગ લઈ શકે છે. ભાગ લેનારે કચેરી બ્લોગ પોસ્ટ ઙ્ઘઅર્દ્બઙ્ઘિૈ.હ્વર્ઙ્મખ્તર્જૅ.ષ્ઠદ્બ પરથી અથવા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી,બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક સી, રૂમ નં. ૧૧૦,૧૧૧ અમરેલી ખાતેથી ફોર્મ મેળવવાના રહેશે અને તા. ૨૦.૦૧.૨૦૨૬ સુધીમાં અરજી કરવાની રહેશે. અરજીમાં નામ-સરનામું, મોબાઈલ નં. જન્મ તારીખ, વ્યવસાય અથવા શૈક્ષણિક લાયકાત, એન.સી.સી, પર્વતારોહણ, રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તે સહિતની વિગતો, પાસપોર્ટ ફોટો, ઓળખ કાર્ડ સહિતની વિગતો જોડવાની રહેશે. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા યુવક યુવતીઓની આ કાર્યક્રમમાં જોડાવા માટે પસંદગી કરવામાં આવશે. પસંદગી પામેલ યુવક યુવતીઓને ફોન દ્વારા જાણ કરવામાં આવશે. વધુ વિગતો માટે ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૬૩૦ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીના ચાંપાથળ મુકામે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ હેઠળ પ્રાકૃતિક કૃષિ પ્રેરણા પ્રવાસ યોજાયો

## ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, માર્કેટ જોડાણ વિષયક માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું



અમરેલી
ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા અમરેલી તાલુકાના ચાંપાથળ મુકામે જિલ્લાની અંદર પ્રાકૃતિક કૃષિ પ્રેરણા પ્રવાસનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. ખેડૂતોને ઘન જીવામૃત, આચ્છાદન, દશપર્ણી અર્ક સહિત પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, માર્કેટ જોડાણ વિષયક માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રેરણા પ્રવાસમાં મહિલા ખેડૂતો પણ જોડાયા હતા. ખેડૂતો જાતે જ પ્રાકૃતિક કૃષિ માટે આવશ્યક ઘન જીવામૃત બનાવી શકે તે માટે લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ આપવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. પરંપરાગત પદ્ધતિથી ખેતી કરતા ખેડૂતો હવે પ્રાકૃતિક કૃષિ તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ એ બદલાતા સમયની માંગ છે. રસાયણમુકત ખેતી થકી જમીનની ફળદ્રુપતા પાછી મેળવી શકાય છે સાથે માનવીય આરોગ્ય પરનો ખતરો ઘટાડી શકાય છે.

# ધારીમાં દામાણી પરિવાર દ્વારા પ્રાથમિક શાળાના નિર્માણ માટે ભૂમિપૂજન કરવામાં આવ્યું

અમરેલી
ગુજરાતી સંસ્કૃતિમાં 'દાન'નું વિશેષ મહત્વ છે, અને તેમાં પણ ખાસ 'શિક્ષણ દાન' ને સર્વોપરી માનવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની સંપત્તિ, સમય કે જ્ઞાનનો ઉપયોગ સમાજમાં શિક્ષણના પ્રસાર માટે કરે છે, ત્યારે તેમને 'શિક્ષણ દાનવીર' કહેવામાં આવે છે.ધારીના ભામાશા અને મૂળ ધારીના વતની રમેશભાઈ દામાણી દ્વારા ધારી શહેરની મધ્યમાં આવેલ પ્લોટ શાળાને અતિઆધુનિક બનાવવામાં માટે સ્થળ જ પર ભૂમિપૂજન કરવામાં આવ્યું. એમ્પોથી ફાઉન્ડેશનના સીઈઓ સુંદરન ઈન્શ્વરન અને તેમની ટીમ બ્રિજ કન્સ્ટ્રશનના માલિક કાળુભાઈ લીંબાસીયા દ્વારા પ્લોટ પ્રાથમિક શાળાનું બિલ્ડિંગ નવનિર્માણ પામશે. ધારીના દાતા રમેશભાઈ દામાણી દ્વારા સુખ્યાત જી.એન.દામાણી હાઈસ્કુલ તથા એસ.એન. દામાણી પ્રાથમિક શાળાનું અધ્યતન બિલ્ડિંગ અગાઉ બનાવી આપેલ છે. જેમાં પ્રાથમિક હાઈસ્કુલના કુલ ૧૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણ ક્ષેત્રે આવા ઉમદા કાર્યમાં દાન આપી ધારીના મધ્યમ વર્ગના બાળકોને સારા વાતાવરણમાં શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે એવું અદ્ભુત કામ દામાણી પરિવારે કરી આપ્યું છે. આજના આ ભૂમિપૂજન કાર્યક્રમમાં ધાર્મિક વિધિ અનુસાર સુંદર કાર્યક્રમ શરૂ થયો જેમાં જૈન અગ્રાણી ભરતભાઈ શેઠ, નલીનભાઈ બજરીયા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, મહિલા કોલેજના આચાર્ય રાજુભાઈ દવે, જી.એન.દામાણી હાઈસ્કુલ પ્રિન્સિપાલ માનસિંહ બારડ, એસ.એન.દામાણી આચાર્ય અતુલભાઈ સલખના, પ્લોટ શાળાનો સમગ્ર સ્ટાફ, ધારીના અગ્રગણ્ય લોકો, સારસ્વત મિત્રો, વાલી ગણ તેમજ ઉપસ્થિતિમાં ખૂબ ઉમદા કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

# રાજકોટના રેસકોર્ષમાં કલ્પના ચાવલા ગાર્ડન ખાતે મહિલા પોલીસની શી ટીમ દ્વારા અવેરનેસ કાર્યક્રમ

રાજકોટ.
રાજકોટના રેસકોર્ષના કલ્પના ચાવલા ગાર્ડન ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓને ૧૮૧ મહિલા હેલ્પનલાઈન નંબર, ૧૯૩૦ સાયબર ક્રાઈમ, તથા ટ્રાફિક અવરનેસ સેલ્ફ ડિફેન્સ તેમજ મહીલા પોલીસ સ્ટે શનની માહિતી તથા મહિલાને લગતા કાયદાકીય જોગવાઈ તેમજ રોમિયોગીરી છેડતીના બનાવ બને હેરાનગતિ હોય તો ૧૧૨માં કોલ કરવા સહિતની સમજ અપાઈ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી આર. એસ. બારીયાની સુચના અને મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એન.રાઠોડની રાહબરીમાં શી ટીમના કોકીલાબેન સોલંકી સહિતે આ આયોજન કર્યુ હતું.

# રાજકોટમાં ઉમિયા કડવા પાટીદાર સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માંન

રાજકોટ
ઉમિયા કડવા પાટીદાર સેવા સમાજ રાજકોટ પૂર્વ દ્વારા વિદ્યાર્થી સન્માન સ્નેહ મિલન કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં નર્સરીથી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓનુ, શિલ્ડ, ઈનામ આપી સન્માન કરાયુ હતુ. આ તકે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૮૧ બોટલ રક્ત એકત્રીત થયેલ. અક્ષર સ્કુલની બાળાઓએ રાસ લીધેલ.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નંદલાલભાઈ માંડલીયા, અતિથિ વિશેષ પદે મયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. ડો.જીગ્નેશ મેવાએ સર્વાઈકલ કેન્સતર અંગે માહિતી આપેલ. મંત્રી ગૌતમભાઈ કાલીયાએ પ્રગતિ અહેવાલ આપેલ. સંસ્થા્ પ્રમુખ મનસુખભાઈ કલોલા, ઉપપ્રમુખ મોતીભાઈ જીણજા, મંત્રી ગૌતમભાઈ કાલરીયા, ટ્રસ્ટીથ મંડળ, સ્વાયંસેવકોની ટીમે કાર્યક્રમને સફળ બનાવેલ.

# અમરેલીનાં ન્યાય મંદિર ખાતે કાયદામંત્રી કૌશિક વેકરીયાનું વકીલ મંડળ દ્વારા કરાયું ભવ્ય સ્વાગત





અમરેલી
ગુજરાતના તાજેતરમાં નવા વરાયેલા કાયદામંત્રી કૌશિક વેકરીયા અમરેલી ખાતે આવેલ કોર્ટની મુલાકાતે આવેલ હતાં. ત્યારે તેઓના સન્માજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં તમામ ન્યા યાધીશ, અમરેલી વકીલ પરિવારનાં સભ્યકઓ અને કોર્ટ સ્ટાફ સહિતના બહોળી સંખ્?યમાં લોકો ઉપસ્થિયત રહયા હતાં.

આ તકે કાયદામંત્રીએ જણાવેલ કે, અમરેલીનાં એક દીકરાને ગુજરાત રાજયના કાયદામંત્રીનાં પદ સુધી પહોંચાડયો છે. ત્યા રે કાયદા વિભાગ પાસેથી આપ જે કંઈ પણ ઈચ્છોરએ આપને માંગવાનો અધિકાર છે. અને આપની જે કંઈ પણ રજૂઆતો હશે એને પ્રાથમિકતા આપવામાં આવશે. 'આ ઉપરાંત તેઓએ એવું પણ જણાવેલ કે,' અમરેલી ન્યાનય મંદિરમાં જે કંઈ પણ ઈન્ફ્રા સ્ટ્રાકચર અને ફેસિલિટીઝની જરૂરિયાત હોય તેનું લિસ્ટઘ બનાવીને બે દિવસમાં મારી પાસે મોકલો. જેથી તેને હાલમાં જ આવનારા બજેટમાં સમાવેશ કરી શકાય. અમરેલી ન્?યાય મંદિરએ સમગ્ર ગુજરાત રાજયમાં એક મોડેલ ( આદર્શ ) ન્યાાય મંદિર બને એવી મારી પણ લાગણી છે. તેઓએ હળવા ટોનમાં એવું પણ જણાવેલ કે, જો જો. માંગો, માંગો ને તો મોળું (ઓછું ) નહીં માંગતા. આમ, તેઓના સન્માણનનો આ સમગ્રકાર્યક્રમ ખૂબ જ સફળ સાબિત થયેલ છે.